



પ્રસિધ્ધ થતું સમસ્ત નાગર જ્ઞાતિનું મુખપત્ર

શિક્ષણ સેવા સંરક્ષણ

સ્થાપક : સ્વ. શાંતિભાઈ ધોળકિયા
તંત્રી : વિરેન શાં. ધોળકિયા
લવાજમ : વાર્ષિક રૂા. ૧૦૦/-
વર્ષ : ઓગષ્ટ થી જુલાઈ

વર્ષ : ૪૯ અંક : ૧૦
મે - ૧૩


# ઓ પૂણ્યાત્મા ! તવ જન્મદિને...

(ભક્ત કવિ નરસિંહ મહેતા જન્મદિવસ
વૈશાખ સુદ-૧૫ તા. ૨૫-૫-૨૦૧૩ નિમિત્તે...)



તવ અંતરથી આશિષ યાચું આજ,
મંગલ મહેક્તા તવ જન્મદિને,
દર્પણ સ્વચ્છ કરવા મલિન મનનો,
સદ્ પ્રેરણા યાચું તવ જન્મદિને,
જ્ઞાન પ્રકાશ પાથરવા અવનિ પર,
નાગર જ્ઞાતિમાં પથદર્શક થઈ આવ્યા
મહા પરમ સમીપની આંગળી પકડી લઈ
ગિરિવર કાજ અમૃત લાવ્યા.
જ્યાં વિશ્વાસ ત્યાં છે વિશ્વંભર
એ સત્ય ચરિતાર્થ થયું જગમાં,
સુખ દુઃખ તો સ્વપ્ન સમાન ગણીને,
સનાતન ચિંતન વહે છે રગરગમાં
કર્મફળ સ્વરૂપે સુખ દુઃખ મળતાં,
એ સત્ય સૌને પ્રેરણામય છે,
ભક્તિયોગ એજ વૈષ્ણવજન લક્ષણ,
'પ્રેરણાંશુ' તવ સ્મૃતિ મંગલમય છે.

-મહેશ દેસાઈ 'પ્રેરણાંશુ'- રાજકોટ.


<u>બરછી કાર્યાલયનું સરનામું નોંધી લેશોજી...</u>
બરછી કાર્યાલય C/o. પ્રશાંત આર્ટ પ્રિન્ટર્સ, લોહાણા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, લોહાણાનગર મેઈન રોડ, રાજકોટ-૧.
ફોન : ૦૨૮૧-૨૪૫૩૦૭૩ મો. ૯૪૨૮૭ ૭૭૦૭૫ e mail : barchhi@rediffmail.com Web : www.barchhi.com

**મંતવ્ય :**

# રીંગ સેરેમની : એક નવો કુરિવાજ

"બરછી" માધ્યમ દ્વારા જ્ઞાતિજનોને પોતાના વિચારો કે કૃતિ રજુ કરવાની તક મળે છે તે બદલ સહુ બરછીના આભારી છીએ. છેલ્લા થોડા સમયથી જ્ઞાતિમાં સગપણ વિવાહ પ્રસંગે અનિવાર્ય બની ગયેલ બિનજરૂરી અંગ્રેજી ને ખર્ચાળ "રીંગ સેરેમની" પ્રથા બાબત મારે થોડું લખવાની ઈચ્છા થઈ. રિવાજમાં પરિવર્તન જરૂર સ્વીકાર્ય છે. પરંતુ જે નવી પ્રથા અપનાવવાથી અન્યની દેખાદેખીથી પ્રેરાઈ ને સામાન્ય આર્થિક સ્થિતિ ધરાવનાર જ્ઞાતિજનો ખેંચાઈને પ્રસંગ પાર પાડતાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરતા હોય છે. અને કદાચ આ નવી પ્રથા પ્રમાણે સગપણ પ્રસંગ ન ઉજવે તો લઘુતાગ્રંથિ અનુભવે છે. વડીલોના મતે આપણી સમજુ જ્ઞાતિમાં સગપણ પ્રથા ઘણી સરળ છે અને હતી. અન્ય જ્ઞાતિના રવાડે ચડીને આપણે "પોતાપણું" શામાટે ગુમાવવું? કેટલીક જ્ઞાતિઓ પોતાના રિવાજને દઢપણે વળગી રહેતા જોવા મળે છે. હા, કદાચ આપણા જ્ઞાતિના વિભાગ કે પ્રાંત પ્રમાણે રિવાજ ભિન્ન હોઈ શકે. બાકી વડીલોના કહેવા પ્રમાણે આપણી પ્રથા શ્રેષ્ઠ છે જેમાં દીકરીના અસ્તિત્વને આગવું સ્થાન આપ્યું છે. સરકાર તો રાજયો કે દેશમાં હવે છેલ્લા દાયકાથી સ્ત્રીના સન્માનનો પ્રચાર કરે છે. જયારે આપણે તો જન્મથી જ સ્ત્રીને વર્ષો પેઢીઓથી મહત્વ આપ્યું છે. કદાચ એટલે જ "નાગર બધે આગળ" છે. સગપણ બાબતમાં રિવાજ મુજબ પ્રથમ વર પક્ષની કન્યા માટે માગણી થાય.. જો સગપણ નકકી થાય તો કન્યા પક્ષ ને ત્યાં જઈ વર પક્ષ પાડ ચડાવે. ખોળા પાથરે કે પગે લાગે. ટૂંકમા આભાર વ્યકત કરવાની એક રીત છે પરંતુ જયારથી અંગ્રેજી પ્રથાએ પગપેસારો કર્યો ત્યારથી આ વિવેક પ્રણાલિકા ચૂકી જવાય છે. અને અન્ય જ્ઞાતિની જેમ સ્ત્રીનું સ્થાન તેની ગરીમા ગુમાવી રહયું છે. કોઈનું સારૂં અનુકરણ પ્રશંસનીય છે. જેમ કોઈ જ્ઞાતિમાં પરિવારજનો શુભ પ્રસંગે રકતદાન કે અન્ય ચિકિત્સા શિબિર યોજતા જોવા મળે છે. જ્ઞાતિજનો જે ધનવાન હોય તેણે જરૂર આવા આયોજનો કરી શકાય જેથી સત્કાર્ય થાય અને સામાન્ય આર્થિક સ્થિતિ વાળા પરિવારો મૂળ પ્રથાને અનુસરી પ્રસંગ આનંદથી ઉજવી શકે. રીંગ સેરેમની બાદ ઘણા વડીલોને વ્યથા વ્યકત કરતા સાંભળીએ કે શું કરીએ? છોકરાઓનું મન સાચવવા આ બધું કરવું પડે છે. આમ છૂપો અણગમો કે વિરોધ પ્રદર્શિત કરે પરંતુ વડીલોએ યુવા પેઢીને આપણા સરળ રિવાજ બાબત વાકેફ કરવા અને સમજાવવા જોઈએ. સંસ્કારી જ્ઞાતિનાં આપણા સંતાનો વડીલોની વાતમાં સહમત ન થાય એટલા ઉધ્ધત ન જ હોઈ શકે. આ માટે યુવક યુવતીઓએ જ પહેલ કરવી પડશે. ગત વર્ષની યુવા ડીરેકટરીમાં આ બાબત નો ઉલ્લેખ થયો છે. પરંતુ વિસ્તૃત છણાવટ કરવાથી અને બરછી દ્વારા પ્રસ્તુત કરવાથી કદાચ વધુ પરિવારો સુધી આ વાત પહોંચે અને ઝડપી સુધારો આવી શકે તો પરોક્ષ રીતે જ્ઞાતિ સેવા થઈ ગણાશે. કોઈની લાગણી ને ઠેંસ પહોંચી હોય તો ક્ષમા ચાહું છું.

શ્રીમતી વી.એ. ધોળકિયા, ભરૂચ

ખરાબ વિચારો ભૌતિક દ્રષ્ટિએ જોતાં, રોગના જંતુઓ છે.

**<u>પરિવર્તન અપનાવીએ-પરંપરાને પણ સમજીને જાળવીએ...</u>**

# -- મંગલાષ્ટક - એક ઉત્સવકથન --

**- કૌમુદી ડી. બક્ષી** (એમ.એ.બીએડ-૭૭ વર્ષ) **અમદાવાદ.** ફોન : ૨૬૬૧૧૫૭૭

નાગર કુટુંબમાં દીકરા કે દીકરીના લગ્ન પ્રસંગે અને કુટુંબના દીકરાના યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગે મંગલાષ્ટક ગાવાની સદીઓ જૂની રસમ છે. નવદંપતીના હસ્તમેળાપ વખતે ગવાય, મંગલાષ્ટક પૂરા થાય એટલે હસ્તમેળાપની વિધિ સંપન્ન થઈ ગઈ એમ મનાય. મંગલાષ્ટક ગાવા પાછળ બે શુભ સંદેશ છે. ૧. મંગલ પ્રસંગને વધાવવાનો. ૨. પરણનાર યુગલને ગીત સંગીતના માધ્યમ દ્વારા સફળ લગ્ન જીવનની શીખ આપવાની. સૌ આમંત્રિત મહેમાનો સમૂહમાં સ્ત્રી પુરૂષવર્ગ એકસાથે ગાય. એક કડી વરપક્ષવાળા ગાય, એક કડી કન્યાપક્ષવાળા ગાય, એમ સમાંતરે બંને વેવાઈપક્ષ બહુ જ ઉમળકાભેર ને પ્રેમપૂર્વક ગાય, તેમાંયે કુદરતી જ નાગર ભાઈ-બહેનોના કંઠ મધૂર હોય છે. પ્રસંગ બહુ જ મંગલમય લાગે ને એવું અનુભવાય કે સૌ કુટુંબીજનો ભેગા મળીને વર-વધૂનું મંગલ વાંછે છે.

યજ્ઞોપવિત સંસ્કારમાં કુટુંબનો દીકરો બટુક મટીને બ્રાહ્મણના સંસ્કાર પામે છે. યજ્ઞોપવિત સંસ્કાર લીધા પછી દીકરો શાસ્ત્રોકત વિધિવિધાનનો અધિકારી બને છે. મંગલાષ્ટક દ્વારા દીકરો બ્રાહ્મણના સંસ્કારો સુપેરે નિભાવે એવી સૌ કુટુંબીજનો શુભાશિષ પાઠવે છે.

મંગલાષ્ટકનો રાગ શાર્દુલવિક્રીડીત હોય છે. દેવ-દેવીઓની સ્તુતિ કે સ્તોત્રો શાર્દુલવિક્રીડીતમાં જ ગવાય છે. સ્તોત્રો હંમેશા અષ્ટક એટલે કે આઠ કડીના કે પાંચ કડીના હોય છે. દા.ત. બિલ્વાષ્ટક, દત્તાષ્ટક, શિવપંચાક્ષર સ્તોત્ર, શિવ માનસ પૂજા કે દત્તપંચક વિ. એક કડી(કંડીકા) ચાર લીટીની - એવી આઠ કડી એટલે અષ્ટક. મંગલાષ્ટક કેટલીકવાર આઠ કડીના હોય  કે પાંચ કડીના(મંગલપંચક) પણ હોઈ શકે.

મંગલાષ્ટક  એ નાગરજ્ઞાતિની આગવી ઓળખ છે. અન્ય જ્ઞાતિમાં લગ્નગીતો ગવાતાં હોય છે. મંગલાષ્ટક  માત્ર ને માત્ર નાગર જ્ઞાતિનો જ ઈજારો છે. જમણવારમાં એકાદ મિષ્ટાન ઓછું હોય તો ચાલે પણ લગ્ન-યજ્ઞોપવિતમાં મંગલાષ્ટક ગાવાનો વિધિ હોય જ. નાગર સિવાયના જે અન્ય જ્ઞાતિના આમંત્રિત મિત્રો કે પડોશીઓ આવ્યા હોય છે તે મંગલાષ્ટક -ગાનથી બહુ જ પ્રભાવિત થઈ જાય છે.

મંગલાષ્ટકની શરૂઆત પહેલી કડીમાં શ્રી ગણેશજી, આપણા ઈષ્ટદેવ-દેવી કે આપણા પરમ ગુરૂ ને આ મંગલ પ્રસંગમાં આમંત્રિત કરવા માટેનું મંગલાચરણ હોય છે. બાદ દિવંગત થયેલ કુટુંબના વડીલો તેઓના આશીર્વાદ પાઠવે એવી મંગલભાવના દર્શાવાય છે. કુટુંબના મા-બાપથી માંડી દાદા દાદી, કાકા-કાકી, મામા-મામી, ફોઈ-ફુઆ ને ભાઈ-બહેનો મંગલ વાંછે છે એ ભાવ આવરી લેવામાં આવે છે. પરણનાર દીકરો કે દીકરી નું સૌ કુટુંબીજન માંગલ્ય ઈચ્છે એ સ્વભાવિક છે. ટૂંકમાં સમગ્ર લગ્નોત્સવ કે યજ્ઞોપવિત પ્રસંગને મંગલમય ને ઉલ્લાસ-ઉમંગથી ભરી દેવા માટે જ મંગલાષ્ટક ગવાય છે. ગીત સંગીત તો કર્ણપ્રિય ને આહલાદક જ હોય, એમાંયે સમૂહમાં ગવાય એટલે વાતાવરણ આનંદથી હર્યું ભર્યું થઈ જાય છે. આજની પેઢીમાં પણ હજુ મંગલાષ્ટકનું મહત્વ એટલું જ જળવાઈ રહયું છે તે આવકારને પાત્ર છે. કુટુંબમાં જે કવિ પ્રકૃતિના હોય તેને માથે મંગલાષ્ટક રચવાની જવાબદારી હોય છે, કારણ છંદ -લય જળવાય એ જરૂરી છે. નાગર જ્ઞાતિ હજુ આજે પણ આ પ્રણાલીનું ગૌરવ લે છે ને તે તેમનો જન્મસિદ્ધ હકક છે એવું અભિમાન પણ લે છે.

॥ કુર્યાત સદા મંગલમ્ ॥ મંગલાષ્ટકની થોડીક ઝાંખી કરી લઈએ...

૧. આજે આવ્યા શ્રી ગણેશ અમ ગૃહે, લઈ રિદ્ધિ સિદ્ધિને સાથમાં,
કૈલાસેથી ઉતરીયા ગિરીજાપતિ, વદતા મુખેથી ઓમ્ ઓમ્,
શ્રી આદ્યશકિત મા ભગવતી, પાડે કુમકુમ પગલી મંડપે,
આવી આસને બિરાજતાં શ્રી ગુરૂજી, હરખે નીરખતાં નવયુગ્મને.

૨. આજે દ્વાર દ્વિતીય ખુલે, આયુષ્ય ઉદ્યાનનું,
પુષ્પોને કળીઓ ઝુલે મુદિત થૈ, આશાભરી સ્વાગતે,
રંગોને રૂપની છટા સુચિર હો, જીવન તણા બાગની,
એવી અમ શુભકામના સફળ હો, થાઓ સદા મંગલમ્.

૩. ફુલો બે ખીલતાં વિભિન્ન તટ પરે, ભેગા મળે ભાગ્યથી,
સૂત્રો સ્નેહતણાં પરસ્પર તમે, બાંધી રહો વારિમાં
આવી ધન્ય ઘડી સુયોગ કરતી, સંયોગ આત્મા તણા,
"ગ્રંથી" લગ્ન તણી પવિત્ર વિધિની, થાઓ સદા મંગલમ્.

૪. સાથી એકબીજા તણા સુખદુ:ખે, રહેજો સદા સર્વદા,
ઊંડા અંતર ભાવને જગવજો, સ્નેહે જીવી સર્વદા,
જયોતિ પ્રેમ પુનીત હો હૃદયની, આનંદ ને સ્નેહની,
નૌકા જીવનની પ્રભુ શુભ કરે, સોંપી સદા સર્વદા.

૫. શકિત આદ્ય ભવાની વિશ્વ જનની : આશિષ દો યુગ્મને,
પામે સિદ્ધિ અને અનેક સુખની, સિદ્ધિ સદા શાશ્વતી,
આશા ને અભિલાષ સૌ સફળ હો, અંતર તણી કામના,
મંગલ વાંછે સર્વ સહુજનો, થાઓ સદા મંગલમ્.

## કુ. ખુશી જતીન દેસાઈ



જામનગર ખાતે ધો. ૯ માં અભ્યાસ કરી રહેલ કુ. ખુશી જતીન દેસાઈએ શાળા સ્તરે સર્વશ્રેષ્ઠ વકતા તરીકે-શીલ્ડ, AINACS G.K. OLYMPIARD 2012 - શાળા પ્રથમ આવી ગોલ્ડ મેડલ, ઝોન માં પ્રથમ આવી રૂા ૧૦૦૦નો રોકડ પુરસ્કાર અને ટ્રોફી, BISHOP GREGARY QUIZE 2012-2013 જિલ્લા પ્રથમ, હિન્દી તીસરી પરીક્ષામાં 'આલા' ગ્રેડ સાથે જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન હાંસલ કરી વર્ષ ૨૦૧૨- ૨૦૧૩ માં શૈક્ષણિક તથા ઈતરપ્રવૃતિ સ્તરે સફળતાની હારમાળા સર્જી શાળા અને કુટુંબને ગૌરવ બક્ષ્યું છે.


## સગપણ સગાઈ :-

- રાજકોટ સ્થિત શિવાની માર્ગેશભાઈ બુચનું સગપણ જામનગર નિવાસી જયદત જગદીશભાઈ વછરાજાની સાથે.
- ગોંડલ નિવાસી હિમાંશુભાઈ જશવંતભાઈ હાથીનાં પુત્રી અવનીનું સગપણ જુનાગઢના હિમાંશુભાઈ બક્ષીના પુત્ર નિશાંત સાથે.
- જામનગરના ભદ્રેશ જનકભાઈ માંકડનાં પુત્રી જયતિનું સગપણ ભાવનગર સ્થિત શૈલેષ નરેન્દ્રભાઈ અંતાણીના પુત્ર જેવિન સાથે.
- ભાવનગર સ્થિત નૈસર્ગી પાર્થિવ મહેતાનું સગપણ સુરત સ્થિત પ્રહર્ષ દુષ્યંતભાઈ વસાવડા સાથે.
- અમદાવાદ સ્થિત નલીનકાન્ત ધીરજલાલ વૈશ્નવના પુત્ર અભિષેકનું સગપણ અમદાવાદ સ્થિત સુરેનભાઈ બક્ષીનાં દોહિત્રી સલોની સાથે.
- જૂનાગઢ સ્થિત શ્રીમતી કિરણબેન પંકજભાઈ નાણાવટીનાં પુત્રી પૂજાનું સગપણ જૂનાગઢ સ્થિત શ્રીમતી મીતાબેન હિમાંશુભાઈ બક્ષીના પુત્ર આલાપ સાથે.
- જૂનાગઢ સ્થિત કલ્પનાબેન વિહંગભાઈ વોરાનાં પુત્રી જિનલનું સગપણ નયનાબેન સંદીપભાઈ વૈશ્નવના પુત્ર ઝંકૃત સાથે.

barchhi.com/wedhelp માત્ર નાગર જ્ઞાતિના લગ્નઈચ્છુકો માટેની સાઈટ/પ્રોગ્રામ છે. જેમાં વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરી શકો છો. વધુ માહિતી માટે વેબસાઇટ જોશો.

હું ન બોલું તો પણ તું સાંભળ તે...ઈશ્વર, તું ન બોલે તોયે સંભળાય તે શ્રધ્ધા.

## । હરેર્નામ હરેર્નામ હરેર્નામૈવ કેવલમ્ ।





જીવન એ સતત વિકસતું વૃક્ષ હોય તો મરણ એ પરિપકવ ફળ છે, આ ફળ કોઈપણ ક્ષણે વૃક્ષ પરથી ટપકી શકે

યો માં પશ્યતિ સર્વત્ર સર્વં ચ મયિ પશ્યતિ ।
તસ્યાહં ન પ્રણશ્યામિ સ ચ મે ન પ્રણશ્યતિ ॥



'ચક્ષુદાતા'

**બાલકૃષ્ણ હરિપ્રસાદ વછરાજાની**

૫/૧૦/૧૯૨૮ ❖ ૧૯/૦૪/૨૦૧૩

સંગઃ સત્સુ વિધીયતાં ભગવતો ભક્તિર્દૃઢા ધીયતામ્ ।
સત્યનો, ઈશ્વરનો, જીવમાત્રની સેવા કરનાર, સેવા, સદાચારમાં સદા તત્પર, સતત પુરુષોત્તમ ભાવમાં
રહ્યા-તે **બાલકૃષ્ણ કૃષ્ણમય** થયા... સદ્‌ગતની સેવા સરવાણી, આપ સૌ સ્વજનોની હૂંફ...
અમારું જીવન ગતિમય રાખશે
ન ગંગા ન ગયા સેતુર્ન કાશી ન ચ પુષ્કરમ્ ।
જિહ્વાગ્રે વર્તતે યસ્ય હરિરિત્યક્ષરદ્વયમ્ ॥

**'મૃત્યોઃ સર્વત્ર તુલ્યતા'**

॥ ૐ ॥

**ઉર્મિલા બા. વછરાજાની**
**રક્ષા બિમલ બુચ**
**ડો. બિમલ બુચ**
(R.M.O. સિવીલ હો.-મોરબી)
**આકાર અને નિષાદ બુચ**

**વર્ષા ગૌરાંગ મહેતા**
**ગૌરાંગ મહેતા**
(સિનીયર એકાઉન્ટસ ઓફિસર A.G.- રાજકોટ)
**રિષભ મહેતા**

## - સંકલન ટ્રસ્ટ -

'ઉત્સવ' ગીત ગુર્જરી સોસાયટી, રાજકોટ
( રજી. નં. ઈ/૧૫૩૫-૧૯૮૫)

**આભાર દર્શન**


કલમ કડછી બરછી માર્ચ માસના અંકમાં જાહેરાત આપી મહારોગ ગ્રસ્ત હાટકેશજન સહાય નિધિ શરૂ કરેલ. જ્ઞાતિજનો તરફથી આશરે રૂા. ૧,૯૦, ૦૦૦ હજાર (એક લાખ નેવું હજાર) અનુદાન તરીકે મળ્યા છે. ટ્રસ્ટી મંડળ સર્વેનો હૃદયપૂર્વક આભાર માને છે. તા. ૮-૫-૨૦૧૩ થી સહાયનિધિ બંધ કરેલ છે.

**મનોજ વસાવડા : ૦૨૮૧ - ૨૪૫૨૮૪૮**

ભાણજીભાઈ પટેલ, અમીર ઈભવાણી,
સુધીર વસાવડા, રમેશ પાઉં

## ગં. સ્વ. ગીતાબેન કલિન્દભાઈ વૈષ્ણવ સ્મૃતિ વંદન

જ. તા. ૧૦/૧૧/૧૯૫૦ દેહવિલય :૫/૧/૨૦૧૩



જીવન સદા એવું જીવ્યા જોનારા જોયા કરે
કર્મ સદા એવાં કર્યાં હૃદયમાં સૌના ગૂંજ્યા કરે
દુઃખથી કદી ડર્યા નહીં-વ્યવહારમાં કદી ચૂકયાં નહીં
ધર્મ કદી ચૂકયાં નહીં-હૃદયમાં સૌના વસતાં રહયાં
આંખો હજુ નિહાળે-દિલ હજુ પુકારે તમને
પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતને
શાન્તિ અર્પે એજ પ્રાર્થના

**સ્મિતા - પન્ના-દીનેશ**
**ધોળકિયા અને વૈષ્ણવ પરિવાર**



## યુનિવર્સિટીમાં સાતમા ક્રમ સાથે એમબીબીએસ થયાં

જામનગરના જાણીતા તબીબ દંપતી ડો. જતીન દેસાઈ તથા ડો. નંદિની દેસાઈનાં પુત્રી કુ. તોષાએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૨-૧૩ માં લેવાયેલ તૃતીય એમબીબીએસ પરીક્ષામાં ૩૫૦ વિદ્યાર્થીમાંથી સમગ્ર યુનિ.માં સાતમે ક્રમે ઉતીર્ણ થઈ જ્વલંત સફળતા મેળવી. તેણી મુ. પ્રમોદાબેન કાન્તીલાલ દેસાઈનાં પૌત્રી અને મુ. હેમાબેન ભરતભાઈ છાયાનાં દોહિત્રી થાય.



## કુ. મૃગા છાયા બી. ટેક. કેમ. એન્જીનીયર થયાં

જામનગર સ્થિત શ્રીમતી ઇતિ તથા શ્રી જગદિપ કાંતીલાલ છાયાનાં પુત્રી કુ. મૃગા છાયાએ ધરમસિંહ દેસાઇ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, નડીયાદ દ્વારા ચાલુ વર્ષમાં લેવાયેલ બી.ટેક. કેમીકલ એન્જીનીયરીંગ, સેમેસ્ટર-૮ની પરીક્ષામાં ૮૬ % સાથે જ્વલંત સફળતા મેળવી છે.


કુ. મૃગા શ્રી કાંતીલાલ ત્થા ચારૂબેન છાયાનાં પૌત્રી અને જુનાગઢ સ્થિત શ્રી સુરેન્દ્રભાઇ ત્થા ઉર્મિબેન વસાવડાનાં દોહિત્રી થાય. અભિનંદન.

## કેવલ વસાવડા એમ.બી.એ. થયા



રાજકોટ સ્થિત કેવલ વસાવડા (સૌ. લતા જગદીશચંદ્ર વસાવડાના પુત્ર)એ આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી ખાતેથી બી.ટેક. (ડેરી ટેકનો.)ની પદવી મેળવ્યા બાદ માર્ચ ૨૦૧૩માં લખનૌ આઇઆઇએમ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એમ.બી.એ.ની પદવી મેળવી.તેઓ ફેબ્રુઆરી-૧૩માં કેમ્પસ ઈન્ટરવ્યુ દ્વારા સીપલા ફાર્માસ્યુટીકલ્સમાં મેનેજમેન્ટ ટ્રેઇની તરીકે પસંદગી પામ્યા. કેવલ સ્વ. કૌશલ્યાબેન વિનયકુમાર વસાવડા તથા જશવંતીબેન રમેશચંદ્ર દવેના દોહિત્ર થાય.

## ચિ. સમીક્ષા વૈદ્ય



સાયન્સ ઓલમ્પીયાડ ફાઉન્ડેશન દ્વારા લેવામાં આવતી ઈન્ટરનેશનલ મેથેમેટીકસ ઓલમ્પીયાડ માં ધો. ૨માં અભ્યાસ કરતી ચિ. સમીક્ષા યથાર્થભાઈ વૈદ્યએ ભાવનગર શહેરમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જ્વલંત સફળતા મેળવી છે. તદુપરાંત તેણીએ આ જ ફાઉન્ડેશન દ્વારા લેવામાં આવતી સાયન્સ, સાઈબર, અને ઈંગ્લીશની પરીક્ષામાં પણ બાળ વયે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.

## પીઢ સંગીતજ્ઞશ્રી દિલીપભાઈ ધોળકિયા માર્ગ

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન અને તત્કાલિન મેયર શ્રી અસિત વોરાએ જ્ઞાતિને ગૌરવ અપાવે તેવું પ્રશંસનીય પગલું ભર્યુ છે. તા. ૨૪/૪ના રોજ સ્વર દિગ્ગજ ને સ્વર આદરણીય શ્રી દિલીપભાઈ ધોળકિયાની અવિસ્મરણીય સ્મૃતિને જીવંત રાખવા વસ્ત્રાપુર તળાવ (નરસિંહ સરોવર) થી માનસી ચાર રસ્તા તરફ જતા માર્ગ ઉપર બી.એ.પી.એસ. સ્વામીનારાયણ મંદિર સુધીના માર્ગને " પીઢ સંગીતજ્ઞશ્રી દિલીપ ધોળકિયા માર્ગ " નામાભિધાન આપીને તેમનું યોગ્ય સન્માન કરેલ છે. " તારી આંખનો અફિણી " ગીતના પર્યાયસમા પ્રખ્યાત લોકપ્રિય સંગીતકાર અને સ્વરકાર ગાયક શ્રી દિલીપભાઈ ધોળકિયાના આ સન્માનથી તેઓ જ્ઞાતિ પણ ગૌરવાન્વિત થયેલ છે.

## પ્રામાણિક આયકર અધિકારી – સૌમ્ય સજ્જન – શ્રી ભાલચંદ્ર બુચ



જામનગરમાં જામસાહેબના સમયમાં આદર્શ શિક્ષક સ્વ. જયંતિલાલ ડી બુચનું કુટુંબ એટલે ખાનદાની, સંસ્કારી, સંયુકત કુટુંબનું વટવૃક્ષ. તેમના પુત્રો માંના એક શ્રી ભાલચંદ્ર બુચ. જેઓએ પણ પિતાનો પ્રમાણિકતા, નિતીમત્તા, નિષ્ઠાના આદર્શોનો વારસો સંભાળ્યો અને દીપાવ્યો. નિવૃત્ત આયકર અધિકારી, સૌમ્ય પ્રકૃતિ અને રમૂજી સ્વભાવના ભાલચંદ્રભાઈએ કુટુંબવત્સલતા સાથે આજીવન સાદગીપૂર્ણ અને નિરાભીમાની જીવન જીવવાની સૌને શીખ આપી ગત માસમાં વિદાય લીધી.

શ્રી ભાલચંદ્રભાઈનો જન્મ ૨૯-૮-૧૯૩૬માં. બીએસસી.(મેથ્સ) એલએલ.બી. ની પદવી મેળવી. બે વર્ષ શિક્ષક તરીકે નોકરી કરી, ત્યારબાદ ઈન્કમટેક્ષમાં કલાર્ક તરીકે જોડાયા. સમયાંતરે ઉપરના ગુણો અને કાર્યદક્ષતાના સમન્વયથી બઢતી મેળવતા ગયા આસીસ્ટન્ટ કમિશનરના ઉચ્ચ હોદા પરથી સતત ૩૫ વર્ષ ફરજ બજાવી નિવૃત થયા. નોકરીના પ્રથમ વર્ષમાં જ રીમાર્ક મળેલો કે "Buch will be an asset to Department." જે તેઓએ ટેકસ રીકવરી ઓફિસરના હોદા દરમિયાન સૌથી વધુ રીકવરી કરી ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવી પુરવાર કર્યુ. જે બદલ તેઓને પ્રેસીડન્ટ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. તેઓએ એક જ સ્થાને ૧૫ વર્ષ સુધી ફરજ બજાવવાનો રેકોર્ડ બનાવ્યો હતો. એસ્ટેટ ડયુના ચાર્જ દરમિયાન નાના કામદારોને વારસદાર તરીકે રકમ મેળવવામાં પડતી તકલીફને ધ્યાનમાં રાખી તેઓએ એક ગાઈડ લાઈન બનાવી સાત દિવસમાં સર્ટીફિકેટ મળી જાય તેવી પ્રથા દાખલ કરી. કર્મચારીઓના નાના મોટા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવી અનન્ય ચાહના મેળવી હતી તો અનેક યોગ્ય વ્યકિતઓને નોકરી અપાવીને અને અનેક જ્ઞાતિજનોને ખાતા સંબંધીત પ્રશ્નોમાં સહાયભૂત થઈ કેટલાયના દિલની દુઆ મેળવી હશે. આમ, કાજળની કોટડી જેવા ઈન્મકટેક્ષમાંથી શુધ્ધ હોવાના દંભ કે દેખાડાથી નહીં પરંતુ સ્વાભાવિક રીતે જ ખરેખર અણિશુધ્ધ રહી ૩૫ વર્ષની નોકરી દરમિયાન એક પણ ડાઘ વગર સ્વમાનભેર નિવૃત થવું તે પણ એક અલભ્ય સિધ્ધિ જ કહી શકાય. કાર્ય પ્રત્યેની નિષ્ઠા અને નિરપેક્ષ પરોપકારી ભાવનાને કારણે જ નાના કર્મચારીથી માંડી ઉચ્ચ ઓફિસરો, વકીલો જ નહીં વેપારીઓ તરફથી પણ નિવૃત્તી સમયે સ્વસ્ફૂરીત અભૂતપૂર્વ બહુમાન કરી વિદાયમાન આપવામાં આવેલ.

( કાયમ અને આયકર ખાતમાં ઉચ્ચ પાયરીએ બીરાજયા બાદ પણ સાયકલની સવારી જ કરનાર કે નિવૃત્તી બાદ અને રહેવાની જરૂર પૂરતો ફલેટ ખરીદનાર ભાલચંદ્રભાઈ બુચ જેવા પ્રમાણિક, નીતિવાન 'માનવ' તો ખરેખર જ વિરલ હશે. ) બુચ કુટુંબ અને જ્ઞાતિનો આવો 'ભાલચંદ્ર' કુટુંબ અને જ્ઞાતિના નભોમંડળમાં હંમેશા પ્રકાશિત રહેશે. ૐ શાંતિ : અસ્તુ.

**અનંતના યાત્રીઓ :** મૂળ જામનગરના વડોદરા સ્થિત સંજય પલુભાઈ સ્વાદિયાનું કેન્સરની બિમારી બાદ અવસાન થતાં જ્ઞાતિએ પ્રતિભાશાળી યુવાન ગુમાવ્યો. ભાઈ સંજય કોલેજ-સંસ્થાઓમાં વકતૃત્વ અને નાટય ક્ષેત્રે અગ્રેસર રહેલ. બરછી પ્રતિનિધિ તરીકે અનન્ય સેવા આપી હતી. આત્માની શાંતિ પ્રાર્થીએ. ભાસ્કરરાય હરિરાય ખારોડ-૯૩ વર્ષ-, શ્રીમતી ચંદ્રિકાબેન પ્રફુલ્લભાઈ ઝાલા-,ગં.સ્વ. કીર્તીબેન કનુભાઈ દેસાઈ - ૯૬ વર્ષ વડોદરા ખાતે. શ્રીમતી જયોતિબેન અશોકભાઈ મંકોડી-૬૧ વર્ષ-અમદાવાદ. સુધીરભાઈ દેવીભાઈ બુચ-૬૨ વર્ષ- જૂનાગઢ. - માંગરોળ નિવાસી શ્રી મહેશકાંતભાઈ વોરાનું અવસાન. - અમદાવાદ સ્થિત રમેશચંદ્ર પ્રમુખરાય વસાવડા-૮૪ વર્ષ. - કૃષ્ણકાન્તભાઈ દુલેરાય છાયા - અમદાવાદ - વિજયભાઈ વી. છાયા - રાજકોટ

લાંચના મખમલ કરતાં મહેનતનું કંતાન સારૂં.

જાગનાથની હોળી ને એક પ્રશ્ન :

# ' ગુઝરે લમ્હોંકો લે આતી હૈ, યે હવાયેં કહાં સે આતી હે?'

**– ભદ્રાયુ વછરાજાની, રાજકોટ** email : bhadrayu2@gmail.com

જિજ્ઞાસુએ ગુરૂની પાસે જઈ પુછયુંઃ ધર્મ એટલે શું?'

ગુરૂએ કહયુંઃ ' એ સમજાવતાં મને ચાળીસ વર્ષ લાગે, પણ તમને ઉતાવળ હોય તો પાંચ મિનિટમાં તમને સમજાવી શકે એવા ગુરૂ તમને બતાવું'

જિજ્ઞાસુએ ત્યાં પહોંચી બીજા ગુરૂને પૂછયું 'ધર્મ એટલે શુ?' ગુરૂ એ કહયુંઃ 'ધર્મ એટલે સૌનું કલ્યાણ'. જિજ્ઞાસુએ પુછયુંઃ સૌનું કલ્યાણ એટલે શું? ...ગુરૂએ જવાબ આપ્યો. બેટા , એ સમજાવતાં તો મને ચાળીસ વર્ષ લાગે.' !!!

....ઉતાવળે બીજું કંઈક પાકે, પણ ઉતાવળે ધર્મના આંબા ન પાકે, ધર્મ એટલે શું તે સમજતાં પાંચ મિનિટ થાય પણ ધર્મના હાર્દને પામતાં ચાળીસ વર્ષ પણ ઓછાં પડે. એવું જ સ્મૃતિનું છે. સ્મૃતિ કયારે, કયાંથી, કેમ ટપકે કંઈ ન ખબર પડે. મન વિચારે ચડયું હોળી ની રાત્રે. એક પરંપરાગત હોલિકા દહનનો બરાબર એકસો પચાસ મિનિટ સાક્ષી બન્યો, એકલો સાવ એકલો પણ ભરચક્ક પરિચિતોથી ઘેરાયેલો. 'હાય હલ્લો' અને 'જય હાટકેશ' કહેતો અને સાંભળતો, પણ એકલો , કેટલેક અંશે અટુલો પણ બહુ બધા લોકો હતા ત્યાં ....પણ મને એકલતાએ ઘેરી લીધો હતો...સામે પ્રજ્વલિત હોલીકાને જ ખબર હશે કે આ એકલતા કયાંથી ભરડો લઈ બેઠી હતી !?

રાજકોટનો જાગનાથ પ્લોટ. વર્ષો જૂનું જાગનાથ મંદિર અને તેમની આસપાસ વિસ્તરેલો જાગનાથ પ્લોટ. કહેવાતી શાણી જ્ઞાતિ નાગર. અહીં વસતા નગરજનોમાં નાગરો ઘણા, ખાસ્સી મોટી સંખ્યામાં. જાગનાથ પ્લોટનો વિસ્તાર પણ ઝાઝો. જાગનાથ મંદિરથી છેક રામકૃષ્ણ આશ્રમ થઈ કોલેજવાડી આરકેસીની સામે સુધી ફેલાયેલો.હરખલાલ બુચ, કનકપ્રસાદ મંકોડી, મનુદાદા બક્ષી, જીતેન્દ્ર બુચ, શંકરપ્રસાદ જોષીપુરા, શાંતીલાલ મંકોડી, કૈશિકરાય માંકડ,લાલભાઈ માંકડ, અરવિંદભાઈ ધોળકિયા, ગુલાબરાય મારૂ, હનુમંતરામ ઓઝા, શાંતીલાલ ધોળકિયા, ઈન્દુભાઈ બક્ષી.... કેટલા નામ ગણાવું? રાજકોટ નગરની આ બધી હસ્તીઓ. જૂનો વોર્ડનં. ૧૪. અહીંથી રાજકોટના સ્વપનીલ રાજનીતિજ્ઞ અરવિંદભાઈ મણિયાર ચૂંટાતા. જાગનાથ પ્લોટમાં અગાઉ વસતા એક એક નાગરજન વિશે એક એક પુસ્તિકા લખાય તેટલું સામર્થ્ય તેઓના વ્યકિતત્વમાં....!અહીં હેમુ ગઢવી વસતા,અહીં લાખાભાઈ તલાટિયા ઉછર્યા,અહીં કૃષ્ણકાન્ત વખારીયા અને અશોક-હર્ષદ ટુર્નામેન્ટ વાળા જીતેન્દ્ર મહેતા પણ મોટા થયા ! એક બાજુ ભીલવાસનું પછવાડું અને પછી જાગનાથ પ્લોટ શરૂ. રાજકોટના બે પ્રખર શિક્ષક બંધુઓ હર્ષવંતભાઈ અને મનહરભાઈ હાથી, તો સામે એ જમાનાના ધુરંધર ફોટોજર્નાલિસ્ટ ગુણવંત સેદાણી વસે... આ સ્મૃતિઓ કયાંથી ઘેરી વળી છે મને ? આજે અત્યારે હોળીની મોડી રાત્રીએ.. જાગનાથની પરંપરાગત હોળીની સાક્ષીએ,કદાચ સ્મરણોનાં ઘોડાપુરમાં તણાતો જઉં છું હું..!

જાગનાથની હોળી. ઈમ્પિરિયલ પેલેસની સામેથી નાનો સાંકડો અને પછી ધીમે ધીમે પહોળો થતો જતો રસ્તો છેક નીકળે આરકેસીની પાળી સામે. એ રસ્તાને પડખે કાઠિયાવાડ જીમખાના અને હેમુગઢવી રહેતા તે કુવાવાળી શેરી અડે.બસ, આ રોડની મધ્યમાં અન ઈવન ચોક. લાઈન દોરી પાડો તો

કેટલુંય કપાતમાં જાય એવો ચોક. એ ચોકમાં વર્ષોથી પ્રગટે હોળી, પરંપરાગત હોળી, કહેવાય નાગરોની હોળી ! દીકરા અને દીકરીના લગ્ન પછીની પહેલી હોળી હોય કે બબુડું જન્મ્યા પછીની પહેલી હોળી હોય કે જનોઈ દીધા પછીની પહેલી હોળી હોય તો તેને " ગિમ્ભ" કહેવાય, તે ગિમ્ભની હોળીનું માતમ જાજું. વરઘોડિયું કે બચોળિયું પહેલી હોળીને પૂજે, અને ત્યાં ઉભેલા નાગરો તે જુએ – માણે અને હરખાય. બસ, આ હરખનું મહત્વ. આમેય પ્રસંગ એટલે તો હરખની હેલી જ ને?. અહીં શહેરભરના નાગરો હોળીની રાત્રે ટોળે વળે. મૂંગા જીવોની સેવામાં જિંદગી વીતાવનાર ઘોડા ડોકટર માંકડ સાહેબના પુત્રો "માંકડ બંધુઓ" હોળી આયોજનમાં મોખરે. વર્ષોથી જાળવી છે પરંપરા એમણે અવિરત. સવારો સવાર જાગ્યાની હોંશ હોય સૌને. આદર અને પ્રેમ. નહીં આછકલાઈ કે નહી દેકારો – હોકારો. છ આઠ માસના બાળકના કપાળમાં તિલક થાય અને ગળામાં હારડો પહેરાવાય. (હારડો એટલે  મીઠાં જાડાં પતાસાંને દોરામાં પરોવી બનાવેલો હાર !) મા બાપ હરખઘેલા થઈ બાળકોને તેડીને હોળી માતાની પ્રદક્ષિણા ફરે. નવદંપતી પણ સજાવી ધજાવીને હોળી ફરતે મલકતું વિહરે ને ધાણી શ્રીફળ જ્વાળામાં પધરાવે. શુકનની વાત. શાસ્ત્રોનો આધાર. પરંપરાનો આદર!.  જ્ઞાતિગત સંસ્કારો તાદ્રશ્ય થાય અહીં. કેટલાક પરણવાની લાઈનમાં ઉભેલા યુવક યુવતીઓ આવતા વર્ષની હોળીએ પોતે પ્રદક્ષિણા લેતા હશે એવી કલ્પનાના દ્રશ્ય પણ નિહાળે !

અને હા, એક આગવી વાત. બાળકો, દંપતીઓ, યુવાનોની હારોહાર સિનિયર સિટીઝન્સ અને વૃધ્ધો પણ અચૂક અહીં આવે. એમની હોળી–દોસ્તી માણવા જેવી. બે જણ હાથ પકડીને ચલાવે એટલે એ વડીલો પ્રદક્ષિણા કદાચ બહુ ન ફરે પણ જયાં જયાં હોળીની જ્વાળા જાય ત્યાં ત્યાં ફરતા રહી એ વૃધ્ધ જ્ઞાતિજનો વાંસો તાપે, છાતી તાપે, શરદી શેકે અને ખાંસી ભગાડે. એક પાકી માન્યતા પણ ખરી આ વડીલોના મનમાં કે હોળીની જ્વાળાથી શેક લ્યો તો આખું વર્ષ શરદી ઉધરસ પડખે ન ચડે ! વિરલ હોળી, એ જાગનાથની નાગરોની હોળી!ઘણાખરા નાગરો માટે તો એમાં હાજર રહેવું ફરજિયાત ગણે. 'તમે ન જાવ તો નાત બહાર મુકાવ પહેલા નાગર નરસૈયાની જેમ' એવી હળવી ટકોર પણ થાય ! કદાચ એટલે જ નાગરો ઉમટે કશી જ ફોર્માલિટી વગર, આયોજન વગર, આમંત્રણ વગર, ટાણ આગ્રહ વગર, જમણવારની લાલચ વગર., એક માત્ર હોળીમાં શેકાયેલા શ્રીફળની કૂણી શેષની લાલચે, સ્નેહને ચાવવાનો અને સ્મૃતિઓને વાગોળવાનો આવો લ્હાવો કોણ ચૂકે? અને ચૂકે તે ન અગરં શાનો?

દહન પોતે જ દુઃખદાયક છે. કશુંક બળે છે ત્યારે આપણી અંદર કંઈક ચચરે છે. જ્વાળાઓ ભલે પાવક હોય પણ અગ્નિ તો ભયપ્રદ છે જ !  તેથી વિચારો ગમગીની તરફ લઈ જાય છે. એમાં પણ એકલા હોઈએ ત્યારે યાદ આવે ગયું વર્ષ, ગયા વર્ષની હુતાસણી. ૮૯ વર્ષના પિતાશ્રી હતા સંગાથે. પકડીને લાવવા પડેલા. પણ તેની હઠ હતી જાગનાથની નાગરોની હોળી તાપવાની ! થાકી ગયેલા, પણ એમણે વાંસો અને છાતી શેકેલા આ હોળીની જ્વાળાઓમાં. પછી ઓટલે બેસી કેટકેટલા જ્ઞાતિજનોને મળેલા અને દર વર્ષની જેમ મસાલા સોડા થોડી પીધેલી! એ ગયું વર્ષ હતું. આ વર્ષ માત્ર સ્મૃતિનું વર્ષ રહયું. બાપાએ હોળી તાપી હતી તો બહુ, છતાં છેલ્લે છેલ્લે એને કફ નડયો! આ હોળીએ હું એકલો હતો, બાપા સાથે ન હતા, એની સ્મૃતિઓ  જાગનાથની હોળીને એક પ્રશ્ન પૂછતી હતી :

**" ગુઝરે લમ્હોંકો લે આતી હૈ, યે હવાએ કહાંસે આતી હૈ ?"**

વાંસળીની જેમ વાગતા રહેવું, આપણે તો ભાઈ આપણે રહેવું.

**લેખ અને હોળીના અનુસંધાને...:** જાણીતા દિગ્ગજ લેખક, શિક્ષણવિદ્ સાથે કેળવણીકાર શ્રી ભદ્રાયુ વછરાજાનીના ઊંડાણપૂર્વકના ચિંતન સાથેનો આ લેખ વાંચતાં-વાંચતા અતિતના ઊંડાણમાં ડોકિયું કરી, અમારા પણ આશરે ચાર દાયકાના હોળી સાથેના અનેક સંસ્મરણો માનસપટ પરથી પસાર થતા જોઈ તેને તાજાં કર્યો અને 'વાહ ભદ્રાયુભાઈ વાહ' શબ્દો સરી પડયા...ધન્યવાદ. આ લેખ વાંચીને જાગનાથની આ ઐતિહાસીક હોળી સાથે સંકળાયેલા અગણિત જ્ઞાતિબંધુઓ તથા દરેક વાંચકને ચોકકસપણે કલમના કસબી ભદ્રાયુભાઈનો આ લેખ વાંચવાની મજા જ આવશે અને આવોજ અનુભવ થશે જ. સંસ્મરણો કે વાહ ભદ્રાયુભાઈના ઈ મેઇલ ઉપર 'શેર' કરો તો સાથે અમને પણ barchhi@rediffmail.com. ઉપર 'ફોરવર્ડ' કરશો કે પત્ર લખશો...પ્રતિભાવ છાપી શકાય તેવો લેખ અને વિષય પણ છે -યથાવકાશે છાપીશું. વધુમાં.. ૨૦૧૩ની હોળી સમયે શ્રી વિપુલ માંકડે કહયા મુજબ ૧૯૪૨માં આ હોળી શ્રી કૌશિકભાઈ માંકડે શરૂ કરી હતી. તેઓ બાદ અમારી જાણ મુજબ શ્રી પ્રફુલ્લભાઈ માંકડે ૫૦ વર્ષથી વધુ સમય માટે વ્યવસ્થા સંભાળી બાદ શ્રી શૈલેષ વછરાજાની અને આજે માંકડ બંધુઓ અને મિત્રો શુભેચ્છકો તન મન સાથે ધનની વ્યવસ્થા કરી 'નાગરોની હોળી'ને પ્રજ્જવલિત રાખી રહયા છે. માંકડ બંધુઓ કહે છે...આજે છાણા લાકડા ખર્ચાળ થતા જાય છે તેમાં તો થોડો ઘણો સૌનો સાથ મળતો રહે છે પરંતુ છાણા ગોઠવવા તથા અન્ય વ્યવસ્થા માટે સ્વયંસેવકોની મોટી ખોટ વરતાય છે. થોડાક બંધુઓ આગલા દિવસે થોડો સમય ફાળવે તો નાગરોની હોળી લાંબો વધુ વર્ષ પ્રગટતી રહી શકે.

હોળીના આગલા દિવસે પણ ત્યાં જઈએ અને યથાશકિત સમયદાન, અર્થદાન કરી નાગરોની હોળી અને સાથે વણાયેલા સંસ્કારો અને સંસ્કૃતિને સાચવીએ... - વિરેન ધોળકિયા.

## --- લગ્ન વિષયક જાહેરાત ---

(૧) બી.ઈ.આઈટી,જ.તા. ૧૧/૧૯૮૭ ઉં.૫'૭", એમ.એન.સી. કંપનીમાં નોકરી કરતા યુવકને સમકક્ષ કન્યા. સંપર્ક : ૦૭૯-

(૨) બી.કોમ. એમલીબ, જ.તા. ૪/૧૯૮૨, ઉં. ૫'૪" સ્વતંત્ર વ્યવસાય કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧ -

(૩) બી.કોમ., પીજીડીસીએ.,સીસીએનએ, જ. ૮/૧૯૮૨, ઉં. ૫'૭" તાતા કન્સલ્ટન્સીમાં ગાંધીનગર ખાતે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૮૧-

(૪) બી.કોમ., એલ.એલબી. જ. ૪/૧૯૮૭, ઉં.૫'૪", લી. ફાર્મા કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૩૭- મો.

(૫) બી.ઈ.(સીઇ) એમબીએ., જ. ૧૯૮૮, ઉં.૫'૫" આઈટી કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૦૨૬૫-

(૬) બી.કોમ. એલએલબી,એલએલએમ, એમબીએ,(કોરસપો.કોર્સ) જ.તા. ૩/૧૯૮૪ ઉં. ૫'૩" એમએસ યુનિ.માં ટીચીંગ આસી. તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : ૦૨૬૫ -

(૭) બીએસસી, ડીએમએલટી, જ.તા. ૧૨/૧૯૮૧, ઉં.૫'૩", કન્યાને યુવક. સંપર્ક. ૦૨૮૧ -૨૫૮૨૧૬૮

(૮) એમબીબીએસ, જ.તા. ૨/૧૯૯૧, ઉં. ૫'૭" ની કન્યાને સમકક્ષ યુવક સંપર્કઃ- ૦૨૮૮- મો

(૯) બી.ઇ., એમ.ટેક. જ. ૨/૧૯૮૯ જયપુર સ્થિત વ. ના. કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : મો.

કોઈ જાતનો ડર રાખવો ,સારા, સાચા કામ માટે ભય રાખવો એ નબળાઈની નિશાની છે.

# ✱ : ✱ : ✱ સમાચાર સંચય ✱ : ✱ : ✱

✱ **રાજકોટઃ-**સમસ્ત જૈન મહિલા સંગઠન દ્વારા મહાવીર જયંતિ નિમીતે યોજાયેલ સ્તવન સ્પર્ધામાં શ્રીમતી નીતા વિરલ વસાવડાએ નિર્ણાયક તરીકે સેવા આપી.

✱ શ્રી હિમાંશુ જે. રાણાએ પોતાના ૫૩મા જન્મદિન નિમિત્તે મા. હેમલતાબેન જમીયતરાય રાણાના સ્મર્ણાર્થે પોતાના યોગદાન સાથે ગૌભકત મિત્રો શુભેચ્છકો પાસેથી રૂા. ૨૯૧૫૧/ની રકમ એકત્ર કરી રાજકોટની ગૌસેવા જીવદયા અભિયાન સમિતિને અર્પણ કરી સાંપ્રત સમય માટે મૂલ્યવાન સત્કાર્ય કર્યુ.

✱ અ.ભા. નાગર પરિષદ દ્વારા રાજકોટ ખાતે કરવામાં આવનાર 'જીવન સાથી પસંદગી અભિયાન' ની ફોર્મની મુદત તા. ૧૨-૬-૧૩ સુધી વધારવામાં આવેલ છે. ફોન નં. ૨૪૫૮૧૯૪ સંપર્ક કરી વધુ માહિતી મેળવી લેવી.

✱ શ્રી ચૈતન્ય અંજારીયા – શ્રીમતી દર્પણા અંજારીયા બંને પુત્રો ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જઈ આવ્યા.

✱ શ્રી હરેશભાઈ અને શ્રીમતી દર્શનાબેન દેસાઈ ગેંગટોક, દાર્જિલીંગ વિ. સ્થળોના પ્રવાસે જઈ આવ્યા.

✱ વિશાલ કૌશિકકુમાર છાયા સોફટવેર એન્જીનીયર તરીકે રેલિશ ઇમ્પેકટમાં અમદાવાદ ખાતે જોડાયા.

✱ **વડોદરાઃ-** છેલ્લા ૨૦ વર્ષથી મ.સ. યુની. સાથે સંકળાયેલા મૂળ જામનગરના ડો. પ્રદીપ ચંદ્રવદન મંકોડી એ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરાના પ્રાણીશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે બઢતી મેળવી. હાલ તેઓ આ વિભાગના વડા તરીકે પણ ફરજ બજાવી રહયા છે.

✱ વડોદરાના બરછીના સક્રીય પ્રતિનિધી શ્રી ઋષીકેશ ર. દેસાઈનાં પુત્રી કુ. મુગ્ધા દેસાઈ અમદાવાદ ખાતે 'વીટીવી' ગુજરાતી ચેનલમાં ન્યુઝરીડર તરીકે જોડાયાં. તેણી આ સાથે પ્રોગ્રામ હોસ્ટ,કોપી એડીટર, તથા વેબઅપડેર્ટીંગની મહત્વની જવાબદારી પણ સંભાળશે. આ પદ ઉપર ગુજરાતીઓ ભાગ્યે જ હોય છે...વળી આ તો નાગર...અભિનંદન.

✱ **અમદાવાદઃ-** સૌ.હીના તથા મૌલિનભાઈ કચ્છીના પુત્ર હર્ષિત કચ્છીને આઈઆઈએમ(બેંગલોર) ખાતેના પદવીદાન સમારોહમાં શ્રી મુકેશ અંબાણીના હસ્તે એમબીએની પદવી એનાયત થઈ.

✱ શ્રી શૈલેષ ગજેન્દ્રલાલ વૈષ્ણવ પંજાબ નેશનલ બેંકના અધિકારી તરીકે ૩૬ વર્ષ ૭ માસ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવી નિવૃત થતાં માન-સન્માન સાથે વિદાયમાન આપવામાં આવ્યું.

✱ દેવાશું શ્રીકાંત દેસાઈ " એઈમ્સ" ન્યુ દિલ્હી ખાતે યોજાયેલ 'નેશનલ સાઈકયાટ્રીક કોન્ફરન્સમાં ડેલીગેટ તરીકે ભાગ લઈ આવ્યા.

✱ અત્રેના મૈસુર ખાતે ઈન્ફોસીસમાં ફરજ બજાવતા વિરાટ સુનીલભાઈ ઝાલાને તેમની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ યુ.એસ.એ.ના સનીવેલ ખાતે એપલ કંપનીના પ્રોજેકટ અર્થે વરણી કરવામાં આવી છે. ગત વર્ષે પ્રશંસનીય કામગીરી બદલ તેમને 'બેસ્ટ એમ્પ્લોઈ'નો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

✱ મનિષ બી. કિકાણી પરિવાર પંચમઢી, ઈન્દોર,ઉજજૈન મહાકાલેશ્વરના પ્રવાસે જઈ આવ્યા

✱ **જુનાગઢઃ-** ઋત્વીક એસ. દિવાન (ધો ૯) તાજેતરમાં યોજાયેલ ખેલ મહાકુંભમાં યોજાયેલ સ્વીમીંગ પ્રતિયોગિતામાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન મેળવ્યું.

✱ અ.ભા. નાગર પરિષદના ઉપક્રમે શિવરાત્રી નિમિતે બાળકોમાં પ્રણાલિકાગત સંસ્કારો ઉજાગર રાખવા શિવભજનો, સ્તોત્રોનું સંગીત સાથે ગાન કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં ઉપસ્થિત જ્ઞાતિજનોનું

જીભ તોતડી હશે તો ચાલશે, પણ તોછડી હશે તો નહિં ચાલે.

પ્રોત્સાહન સાંપડેલ. સંસ્થા પ્રમુખશ્રી ધનંજયભાઈ બુચ તથા સુ.શ્રી. ભાવનાબેન વૈષ્ણવના હસ્તે બાળ કોને પુરસ્કૃત કરવામાં આવેલ. શ્રી મધુભાઈ કિકાણી ના આભાર દર્શન બાદ ફરાળી અલ્પાહાર ને અંતે કાર્યક્રમ સંપન્ન થયેલ.

✱ **મુંબઈઃ-** યસ બેંકના મેનેજીંગ ડીરેકટર તરીકે કાર્યરત શ્રીમતી ઋત્વા ધ્વનિ ઓઝા(વલ્લભ વિદ્યાનગર સ્થિત શ્રી ઉમેશભાઈ નાગેશભાઈ દેસાઈનાં પુત્રી) ને તેમની ટુંકી કારકિર્દીમાં યશસ્વી કામગીરી બદલ આસીસ્ટન્ટ વાઈસ પ્રેસીડન્ટના ઉચ્ચ હોદા ઉપર બઢતી આપવામાં આવી. અભિનંદન.

✱ સંદીપ પ્રકાશભાઈ મંકોડી ઈસ્તમ્બુલ ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય ડાન્સ ફેસ્ટીવલમાં પોતાના ગ્રુપ સાથે ભાગ લેવા જઈ આવ્યા અને એવોર્ડ મેળવી આવ્યા.

✱ શ્રી જૂનાગઢ જિલ્લા નાગર ભ્રાતૃ મંડળ, મુંબઈના ઉપક્રમે તા. ૨૧-૪-૨૦૧૩ ના રોજ દાદાના પાટોત્સવની ઉલ્લાસભેર ઉજવણી કરવામાં આવી. બોરીવલી સ્થિત જ્ઞાનસાગર એમ્ફી થિએટરમાં યોજાયેલ કાર્યક્રમની શરૂઆત જુનાગઢથી પધારેલ વયસ્ક વડીલ શ્રી ઉપેન્દ્રભાઈ યુ. બુચના હસ્તે દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી.બાદમાં જ્ઞાતિજનોએ સ્તુતિ, શિવ મહીમ્ન સ્તોત્ર, ભજનોની રજુઆત કરી હતી. ત્યારબાદ સૌએ ગરબાની રમઝટ બોલાવી હતી. અંતમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત બંધુઓ પ્રસાદરૂપે સમૂહભોજન લઈ છુટા પડયાં હતા.

✱ **ભાવનગરઃ-** શ્રી ગોધા હાટકેશ્વર મહાદેવ ફંડના ઉપક્રમે ભાના ડેલા સ્થિત હાટકેશ્વર મંદીરમાં દાદાના પાટોત્સવ નિમિતે સર્વશ્રી બંકીમભાઈ મહેતા, જગવિહારીભાઈ મહેતા, તથા હેમંતભાઈ મહેતાના યજમાનપદે અને શ્રી મહીપતભાઈના આચાર્ય પદે લઘુરૂદ્ર નું આયોજન કરવામાં આવેલ. બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ હાજરી આપી હતી. સાંજના હરિનાગર નિવાસ ખાતે સુચારૂ આયોજન વ્યવસ્થામાં સમુહભોજન યોજાયેલ. જેમાં ૪૭૫ થી વધુ સંખ્યામાં જોડાયેલ જ્ઞાતિબંધુઓ એ શીખંડ ,પુરી, ભજીયાનો આસ્વાદ માણ્યો હતો.

✱ **ભરૂચ :-** અત્રે પાટોત્સવ નિમિત્તે ૮૫ જેટલા જ્ઞાતિબંધુઓએ સંસ્કાર બંગલોઝના કોમન પ્લોટમાં એકત્ર થઈ હાટકેશ્વરાષ્ટક, શિવ સ્તુતિ, ભજનોનો ભકિતરસ માણ્યા બાદ મુ. મંદાબેન મહેશભાઈ અંતાણી પરિવારના સૌજન્યથી મઠો,પુરી સાથેના સમૂહમાં ભોજનનો આસ્વાદ માણ્યો હતો.

✱ **નર્મદાનગર :-** પાટોત્સવ નિમિત્તે પ્રતિ વર્ષ મુજબ નર્મદેશ્વર મહાદેવને શ્રી સંજયભાઈ-સૌ. ભાવનાબેન વૈદ્ય દ્વારા અભિષેક પૂજનવિધિ કર્યા બાદ શ્રી પરાગભાઈ માંકડના પ્રાંગણમાં મઠો પુરી મેથીના ગોટા સમેતનું સમૂહભોજન આરોગેલ.

✱ **જામખંભાળીયા :-** અત્રે દાદાનો પાટોત્સવ દર વર્ષ મુજબ પરંપરાગત રીતે ઉજવવામાં આવ્યો. પૂર્વસંધ્યાએ જલ્પેશ માંકડ અને સાથી કલાકારો દ્વારા સંગીતસંધ્યા યોજવામાં આવેલ. કાર્યક્રમનું આગવી શૈલીમાં સંચાલન શ્રીમતી ધ્વનિ અમીત માંકડે કર્યું હતું. સ્વ. મુ. રમાકાંતભાઈ મંકોડી પરિવારના સૌજન્યથી પાટોત્સવના રોજ લઘુરૂદ્ર પ્રસાદ ભોજનનું આયોજન કરાયેલ. સવારના મનોજભાઈ મંકોડી દંપતીના યજમાન પદે લઘુરૂદ્ર યોજાયેલ. સાંજે ફૂલપૂજા થાળ બાદ નોબત સાથે તાલબધ્ધ આરતી થયેલ. સમય પરિવર્તન મુજબ ટેબલ ખુરશી ઉપર ૯૦ બંધુઓએ શીખંડ પુરી ભજીયા સાથેનું ભોજન આરોગ્યું હતું. નવયુવાનોએ ખંતથી પીરસવાની જવાબદારી ઉપાડી હતી. અંતમાં વર્ષોવર્ષ મુજબ રોહિણીબેન ઓઝા તરફથી પાનના બીડાની મોજ સાથે લઈ સૌ વિખરાયાં હતાં.નોંધ લેવી ઘટે કે શ્રી નિશીથભાઈ ઢેબરના અસીલ મુંબઈ સ્થિત મુળજીભાઈ પાબારીને હાટકેશદાદામાં અનન્ય શ્રધ્ધાને કારણે મંદિરમાં અગાઉ રંગરોગાન કરાવેલ આ વર્ષે મારબલના ઓટલા, ડેલી વગેરે સ્વખર્ચે કરાવી આપી શ્રધ્ધાને સૌજન્યતાથી બતાવી.

ખરાબ વિચારો ભૌતિક દ્રષ્ટિએ જોતાં, રોગના જંતુઓ છે.



# સ્વ. મા. મૃદુલાબેન રમેન્દ્રભાઈ (રામભાઇ) હાથી

## અમારા મા (૧૯૨૩ થી ૨૯/૪/૨૦૧૩)

'ઘર' શબ્દ સાથે જ 'સ્ત્રી' જોડાયેલ છે, કુટુંબ સાથે જ 'મા' જોડાયેલ છે. અમારા કુટુંબમાં અમે ચાર ભાઈઓ તથા પિતૃપક્ષના ચાર કુટુંબો–માતૃ પક્ષના પાંચ કુટુંબોમાં અમને સમરસ થઈને રહેવાની જે તાલીમ મળી, અમારૂં કૌટુંબીક ઘડતર થયું તેનો પાયો હવે અમારી વચ્ચે નથી. 'ઘર'નો ધબકાર એવા અમારા માતૃશ્રી હૃદયના ધબકારા બંધ થવાથી રવિવાર સંકટચોથ –તા. ૨૯/૪/૧૩ના રોજ મોડી રાત્રે અમને છોડને ચાલ્યા ગયાં. મૂળ વઢવાણ તેમનું પીયર એટલે કે અમારૂં મોસાળ. એક વખતના ઝાલાવડ પ્રાંતના કારભારીશ્રી ચંદુલાલ માધવરાય વૈશ્નવ અમારા નાના અને ચંપાબેન અમારા નાની ૧૯૩૬–૩૭માં શાળાંત અધૂરૂં મુકયું.. લૌકિક ભણતર ત્યાં સુધીનું પણ એ જમાનાનું ભણતર કેટલું પાયાનું હશે કે અમે ચાર ભાઈઓ વગર કેલ્કયુલેટરે જે ગણતરી કરીએ છીએ તેના મૂળમાં સાવ નાનપણમાં અમને એ ઘડિયા, પલાખા,ઉઠા કંઠસ્થ કરાવ્યાં હતાં તો પ્રેમાનંદના આખ્યાનો, મેઘાણીના ગીતો, અખાના છપ્પા અમને યાદ છે તેનું કારણ પણ અમારા મા.

૧૯૪૨માં લગ્ન પછી મા બાપુજી સાથે ૧૯૪૭ સુધી કરાચીમાં રહયા. ત્યારબાદ ૧૯૫૮ સુધી મુંબઈમાં રહયા. પછી '૬૨ સુધી અમદાવાદ અને બાદમાં ૧૯૬૮ સુધી પાલનપુર રહયા. પાલનપુરમાં નિયમીત રીતે હાટકેશ પરિવારોમાં મળવાનું થતું. અમારા વિશ્વનાથ કાકા (સ્વ. વિશ્વનાથ ડોલરરાય હાથી) અમારૂં મોટું ઘર તે સિવાયના ૮–૧૦ પરિવારોમાં અમને મા બાપુજી અમને લઈ જતા અને પારિવારીક ભાવનાનું સિંચન થયું. તે વખતે ભુજ દિલ્હીના કોચમાં આવતા હાટકેશ કુટુંબોના આતિથ્યમાં અમારાં મા ખુબ જ આનંદ અનુભવતાં હતાં.

અમારા મા ગૃહસ્થી કુટુંબોના સારા–માઠા પ્રસંગોએ ઉત્તમ સંચાલન ક્ષમતાનાં ઉદાહરણરૂપ હતાં. તેમનામાં નાનામાં નાની ચીજ વસ્તુથી લઈ મોટી ખરીદી તેમજ પુત્ર અને પૌત્રોના પ્રસંગોની ખરીદીના સંદર્ભમાં કરકસરની ઉત્તમ સૂઝ હતી. તેઓ ૮૯ વર્ષની ઉંમર સુધી રાજકોટના જુના ગામતળના અને પંચાયતનગર યુનિ. રોડની બજારોની વિશેષતાઓથી હંમેશા અપડેટ રહયાં હતાં. કયારેય આળસ જોવા ન મળે. ચીવટ અને ચોકસાઈ તેમના જીવનમાં વણાઈ ગયાં હતાં. અમે કર્તવ્યપારાયણનાના પાઠ તેમની પાસેથી શીખ્યા છીએ. પિતૃ કે માતૃપક્ષમાં કયારેય કોઈ કટોકટી આવે ત્યારે અમારી મા ગૃહસ્થજીવનને શોભે તે રીતે નિષ્ઠાથી કામ મદદ માટે પહોંચી જતાં. તેઓ પોસ્ટકાર્ડ લખવામાં હંમેશા અવ્વલ રહેતાં. સારા માઠા પ્રસંગે મોતીના દાણા જેવા હસ્તાક્ષર વાળા પોસ્ટકાર્ડ અમારા જેવા મોટી ઉંમરના સૌ કોઈની યાદ છે. અમારાં મા એટલાં વ્યવહારકુશળ કે ટૂંકા પગારમાંથી કરીયાણુ–કાપડ ખાતેથી દર મહીને ખરીદવાની સાથે આબરૂ અકબંધ રાખવાની પણ પૂરતી કાળજી રાખે. જે વિશ્વાસનો અમને પણ લાભ મળતો.

૧૯૪૨ થી ૨૦૧૩ના ૭૧ વર્ષ દરમ્યાન તેમનાથી મોટી ઉંમરના ત્રણ તથા નાની ઉંમરના આઠ સભ્યો તો પિતૃપક્ષમાં મોટી ઉમરના આઠ અને નાની ઉંમરના ઓગણીસ આમ કુલ ૨૬ સભ્યોના મૃત્યુના આઘાત તેઓએ સહન કર્યા હતા. છેલ્લે તા. ૨૧/૪/૧૩ ભત્રીજીની સગાઈ પ્રસંગે કુટુંબના જયેષ્ઠ વડીલ તરીકે હાજરી આપી કુટુંબમેળાનો આનંદ માણ્યો અને તા. ૨૮/૪ના રોજ ૪ પુત્રો, ૩ પુત્રવધૂઓ, ૪ પૌત્રો, બે પૌત્રવધૂઓ,૫ પૌત્રીઓ, ૪ જમાઈઓ અને ૪ પ્રપૌત્રીઓના ભર્યા કુટુંબની વચ્ચેથી ગુલાબરાય કલ્યાણરાય હાથીના કુટુંબની છત્રછાયા પૂર્ણ થઈ.

ઈશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ આપે અને તેમની કુટુંબ પરાયણતા અમારામાં ટકી રહે તેજ પ્રાર્થના.

**અરૂણભાઈ હાથી – દીપકભાઈ હાથી – તુષારભાઈ હાથી – ઉદયભાઈ હાથી**

ધ્યાનથી ઉત્પન થયેલ આધ્યાત્મિક શકિતને ઓજસ કહેવાય છે.

## :::::::::::::::: મંગલ મેરેજ બ્યુરો ::::::::::::::::

**સંચાલક :- મમતા ઢેબર ફોન નં. ૦૨૮૧ ૨૫૭૦૬૮૧**
**(સમયમાં ફેરફાર નોંધી લેશો સવારે :- ૧૨ થી ૨, સાંજે ૭ થી ૯) (રવિવારે રજા)**
**Mail ID- mamtadhebar@yahoo.in**

**કન્યારત્નની યાદી:- સમકક્ષ યુવકો જોઈએ છીએ..**

૧- નવે.૯૨(મંગળ) ઉં. ૫'૪" નર્સિંગનો અભ્યાસ ચાલુ.
૨-જુન.૯૦(મંગળ) ઉં. ૫'૪" એમએસસી,આઈટીં અને મલ્ટીમીડીયાનો કોર્સ ચાલુ.,મેટ્રોસીટી તેમજ એનઆરઆઈ આવકાર્ય
૩- જાન્યુ. ૯૦ એસવાયબીએ પ્લેહાઉસમાં કાર્યરત વધુ વજન ધરાવતી હસમુખી કન્યા માટે
૪- મેં.૯૦ સીએ સીએસ સુંદર સ્માર્ટ કન્યા માટે સમકક્ષ
૫- નવે. ૯૦ આર્કીટેક એન્જીનીયર ઉં. ૫'૩" માટે સમકક્ષ
૬- જુન-૯૦ બીસીએ, એમબીએ માટે માંગલીક યુવક જોઈએ છીએ.
૭- નવે. ૮૮ બીએસસી હોમસાયન્સ અને ચાઈલ્ડ કેરનો અભ્યાસ કરેલ સુંદર કન્યા માટે યોગ્ય યુવક.
૮- ડીસેમ્બર-૮૮ બીબીએ, એમબીએ ઉં. ૫'૨" માટે માસ્ટર ડીગ્રીનો અભ્યાસ કરેલ સુંદર કન્યા માટે યોગ્ય
૯-જુન-૮૮. એમએસસી (બાયોટેક) બી.એડ. અભ્યાસ ચાલુ
૧૦- વિડો- ઓગષ્ટ ૭૫ નિઃસંતાન સુંદર સંસ્કારી કન્યા માટે આર્થિક રીતે સધ્ધર યુવક જોઈએ છીએ.

**અભિનંદન :-** મંથન આચાર્ય-શ્રેયા બુચ, કોમલ વસાવડા-વિશાલ ખારોડ, દેવર્ષિ બુચ- બિન્દી વોરા


રોડ ફેસીંગ, રોડ ટચ,
બે રોડ ફેસિંગ બાલ્કની વાળો,
રેલ્વે સ્ટેશનથી ૨ મિનિટના રસ્તે,
સોસાયટી ગાર્ડનની લગોલગ..
આથી વિશેષ બીજું શું હોઈ શકે ?
આવો પ્રાઈમલી લોકેટેડ
2BHK સુંદર ફલેટ વેચવાનો છે...
૨-શિવાની ફલેટ,
૨૨- નંદનવન સોસાયટી, અલ્કાપુરી,
વડોદરા.
**મો. ૯૪૦૮૭૯૧૧૯૯**


**નોંધ :** ઘણા શહેરોના પાટોત્સવ ઉજવણીના સમાચારો મળ્યા છે એકસાથે શીખંડ-રસપુરીનો અપચો ન થાય માટે આવતા અંકમાં ...આ અંકમાં પચી જાય તેવાં ઈતર વાંચનનો આસ્વાદ માણશો.

ફરી પરિણામની મોસમ શરૂ થવામાં છે... આવતા અંકમાં બધાં પરિણામો સાથે લેવામાં આવશે. ધો. ૧૦-૧૨ કોલેજ કક્ષાએ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ/ વાલીઓને નામ તથા ટકા (માત્ર પર્સન્ટેજ – પર્સન્ટાઈલ નહી) વહેલાસર લખી મોકલવા કે ફોન ઉપર લખાવી દેવા વિનંતી. માર્કશીટ મોકલવાની જરૂર નથી. બોર્ડમાં ૯૦% થી વધુ ટકા મેળવેલ કે કેન્દ્રમાં ૧થી ૧૦માં સ્થાન સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓના જ અને અનુસ્નાતક કક્ષામાં ઈચ્છુક દરેકના ફોટા સાથે વિગત આપવામાં આવે છે. ફોટા માટે ફોટો પ્રોસેસ ખર્ચ પેટે રૂા. ૫૦/-ફોટો અને વિગત સાથે જ મોકલવાના રહે છે. જેથી સીધા કાર્યાલયે મોકલવા વિ.

આ અંકના સંકલિત સુવાકયો : જૂનાગઢનાં કલ્પનાબેન એમ. વસાવડા દ્વારા..-તંત્રી.

આ જગતમાં 'નમ્ર' થજે પણ 'દીન' તો કયારેય ન થઈશ.

# રાષ્ટ્રીય નાગર બ્રાહ્મણ પ્રતિષ્ઠાન – દિલ્હી

રા. ના. બ્રા. પ્રતિષ્ઠાન સંસ્થાના મહિલા પાંખના અધ્યક્ષ અને ઉપપ્રમુખની બેવડી જવાબદારીને ૨૦૧૨માં વિશાખાબેન પોટાને સોંપાયા બાદ મંડળની પ્રવૃત્તીને વિકાસના માર્ગે દોરી જવા મુંબઈ ખાતે તા. ૮ માર્ચ-૨૦૧૩ આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મુંબઈના વ્યસ્ત જીવન, બે સ્થળો વચ્ચેના લાંબા અંતર, અન્ય તકલીફોના પાસાંઓને ધ્યાનમાં લઈ વધુમાં વધુ બહેનો કાર્યક્રમમાં ભાગ લઈ શકે તે હેતુથી એકસરખી રૂપરેખાવાળા કાર્યક્રમનું આયોજન બે તબકકે સાંતાક્રૂઝ અને બોરીવલી ખાતે કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં સમસ્ત નાગર જ્ઞાતિની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. બોરીવલી ખાતે નીતાબેન અંતાણીના નિવાસસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં વિશાખાબેન પોટાએ પ્રતિષ્ઠાનની પ્રવૃત્તીઓનો પરિચય આપી જણાવેલ કે ૧૦૪ વર્ષથી ઉજવાતા મહિલા દિવસનો હેતુ સ્ત્રીને પુરૂષ સમોવડી બનાવવાનો છે.જો કે આપણી જ્ઞાતિમાં તો સ્ત્રીને આદિકાળથી પુરૂષ કરતાં બે ડગલાં આગળ ગણેલી છે. આજના કાર્યક્રમનો હેતુ જ્ઞાતિ મહિલા શું વિચારે છે, અનુભવે છે અને વ્યકત કરે છે તે જણાવવાનો અને તેમની મૌલિકતા પારખી તેને પ્રોત્સાહિત કરવાનો છે. કાર્યક્રમ અંતર્ગત મૌલિક કૃતિપઠન સ્પર્ધામાં સ્પર્ધકોએ નારી, મહિલા, સ્ત્રી વિષયક પોતાની કૃતિઓ રજૂ કરી તો સંકલિત કૃતિપઠનમાં બહેનોએ નાગર મહિલા સર્જક રચિત કૃતિઓ રજૂ કરી હતી. જ્યારે વકૃત્વ સ્પર્ધામાં સ્ત્રીઓ પર વધતી હિંસાના કારણો અને ઉપાયો વિષે સાંપ્રત સ્થિતિને અનુલક્ષીને બહેનોએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.

સ્પર્ધાના નિર્ણાયકો તરીકે કવિયત્રી શ્રીમતી પ્રતિમાબેન પંડયા, લેખિકા શ્રીમતી મીનાક્ષીબેન દિક્ષીતે સેવા આપી હતી.તેઓએ આયોજનને બીરદાવતાં કહયું કે સામાન્ય રીતે મહિલા મંડળના કાર્યક્રમોમાં વાનગી, અંતાક્ષરી ગરબા કે વન મિનિટ ગેમ હોય પરંતુ અહીં તો બહેનો ભેગી થઈ સાહિત્યની ગોઠડી માંડે છે તે પ્રશસ્ય છે...અહીં નિર્ણય આપવો કઠીન છે કારણ કે સારી કૃતિમાંથી વધુ સારી કૃતિ પસંદ કરવાની છે.આ વકતવ્ય બાદ અંતમાં વિજેતા કૃતિઓ જાહેર કરવામાં આવી હતી. વિજેતાઓને ઈનામ વિતરણ અને આભારવિધિ બાદ 'હાસ્યેન સમાયેત' શોભનાબેન અંતાણી તથા ઉન્નતિબેન વોરાએ પોતાની રજૂઆતથી સૌને હસાવેલ. અંતે અલ્પાહાર આઇસ્ક્રીમને ન્યાય આપી સૌ વિખરાયેલ.

PATOTSAV 2013 CELEBRATION MELBOURNE AUSTRALIA

Melbourne Nagars celebrated Patotsav 2013 on Saturday 4th May '13, with lots of devotion and dedication. The evening started with "Puja-Arti-Hatkeshwar Strotram" conducted by Shri Rameshbhai Dave. Followed by a wonderful informative and educative 30minutes session of Breathing Technique / Yoga by Aditya Majmudar.

Approx 90Nagars chanted NAMAH PARVATI PATAYE HAR HAR MAHADEV HAR before accepting the Prasad of traditional Shrikhand-Puri-Patavadi etc. The evening progressed with wonderful cultural program which included Bhavi & Vanshi Nagar gracefully dancing to Mohe Punghat Pe Nandlal, Neel Maru singing a comedy poem ( mara fandala puppa), Rushil Vyas chanting Shlokas, new comer Neha Bhatt performed a dance, Ankita Mehta conducted a memory test and Rucha Yagnik sang a melodious song to conclude the evening. It was decided to conduct AUSTRALIAWIDE PATOTSAV in 2014 after the previous two very successful gatherings at Jindabyne Resort in 2008 and Albury-Wodonga Resort in 2011. e mail fr. : DIPAK MANKODI MELBOURNE, Australia.

મૌન એ શાણપણની શરૂઆત છે, બીજું પગથીયું ધ્યાનથી સાંભળવું તે. –હિબ્રુ કહેવત

**SANKALP ABHYASDHAM....Topper's choice since 1997.**

In 1997, **Jalpa Sonchatra** secured **Board 3rd**, [ at present C.A. ]
The tradition continuesIn 2012, **Aayushi Agarwal** secured **Board 4th** [99.96PR ]
In 16 years, hundreds of students strengthen their Fundamentals of COMMARCE in **SANKALP ABHYASDHAM** and creating wealth by joining top MNC & private sector banks.

**The glimpses of our latest result....**

1. Aayushi agarwal [ Nirmala 1st ] 99.96 PR.
2. Flomi kotak [ Nirmala ] 99.56 PR
3. Meera vankani [ Nirmala ] 99.51 PR.

The others are having more then 90 PR.

**The secret of our success**...very simple..

★ Limited No. of students. ★ Practical knowledge of all subjects. [ not bookish knowledge ]
★ Providing lots of charts, graphs and current data through out the year for practical knowledge. ★ Timely completion of syllabus. [ in mid of December. ]
★ Well planned exam schedule and reporting to parents.[ weekly test as well as 3 master tests.] And that's why, we are sure for even better result this year.

So don't wait... just join **SANKALP** and have a great successful life ahead.

Sankalp Abhyasdham.

**Darpan Dushyantbhai Dholakia.**
Std. 11 to T.Y.B.com
(Guj.- Eng. Medium)

**APOORVA COMPLEX, OPP. SADGURU TIRTHDHAM, RAIYA ROAD, RAJKOT. CONTACT : 094267 85710.**



# ABM TRAVELS

**Summer Pleasure** :
Singapore-Malaysia (6N/7D) Rs.74750
Singapore-Malaysia-Thailand (10N/11D) Rs.95750 per Adult/HongKong-Shenzhan (6N/7D)Rs.89750-All Inclusive.
**Honeymoon tours :** Kerala/Rajasthan/Himachal/Goa Mauritius/Maldives/Thailand/Bali/Sri Lanka Langkavi-Penang/Phuket-Krebi-Samui
**Mountain Resort :** Nainital-Mussoorie/Darjeeling-Gangatok - Ooty-Kodaikanal/Mt.Abu/Leh-Ladakh
**Beach Resort :**
Goa/Kumarakom-Alleppy/Kovalam-Poovar
**Readymade tours :**
Himachal: Rs.25555 pp/Kerala:Rs.25555 pp
Bang/Mys: Rs.25555 pp/Sri Lanka Rs.50555 pp
**Above tours :** 5N/6D-Return Airfare/Stay/B/F, Dinner/Transfer/Sightseeing
**COASTA cruise :** Singapore:Rs.46666:3N
**Pilgrims :** CharDham/ Amarnath/Kailas-Mansarovar/Vaishnodevi/Tirupati/Ashta Vinayak Panch Jyotirlings/Shirdi-Shinganapur

**Booking of International destinations**
**SOTC * THOMAS COOK * COX & KING**
**STAR TOURS * CLUB 7 * KESARI**
**Avinash Mehta, Mumbai - 09820817318**
**abmtravels@gmail.com**



નારાયણબલી તથા માતૃશ્રાધ્ધ માટે
નાગર જ્ઞાતિના એકમાત્ર ગોર
**સુધીરભાઈ ચંદ્રશંકર શુકલ**
ગોલવાડ, બરોડા બેંકની બાજુમાં,
સિદ્ધપુર. ફોન : ૨૭૬૭-૨૨૧૯૩૫



KALAM KADCHHI BARCHHI-GRJ-23
Registration Valid upto 31-12-2011

If not delivered Pl. return to :
Barchhi Karyalaya,Kotechanagar Main Rd,
Rajkot - 360 001..

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા
મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોન: ૨૪૫૩૦૬૩


જેટલા દિવસ સત્સંગમાં ગયા તેટલા દિવસ સજીવન ગયા.